## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) ફરીયાદ વાંચી. દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. ફરીયાદીના વિધ્વાન વકીલશ્રી ની દલીલ સાંભળી. હાલની ફરીયાદ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળના ગુન્હાની કરી છે. ફરીયાદી ચેકના ડ્રોઅર અને આરોપી પેયી છે. બન્ને ચેક ફંડસ ઈન્સફિશ્યન્ટ ના શેરાથી પરત ફરેલા છે. પરત ફરતા સમય મયાર્દામાં ચેક ની રકમ ની માંગણી કરતી ડીમાન્ડ નોટીસ આરપીએડી થી મોકલી છે અને મળી છે તે માટે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે અને ફરીયાદમાં પણ હકીકત જણાવી છે. તેના પછી સમય મર્યાદામાં આ કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. ચેક ફરીયાદીની બેન્ક અને બ્રાન્ચ એસબીઆઈ પ્રભાસપાટણ મા ભરણામાં નાખેલા જેથી આ અદાલતની સ્થાનીક હકુમત છે. આવી રીતે આ કેસ આગળ ચલાવવા માટે પુરતા કારણો છે. જેથી નીચે મુજબનો આખરી આદેશ પસાર કરવામા આવે છે.

## <u>આખરી આદેશ</u>

–– આ ફરીયાદ ને ફોજદારી કેસ નંબર તરીકે રજીસ્ટર્ડ કરવી. આ કામના આરોપીને ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળના ગુન્હા નો નિયત નમુનાનો આરોપી સમન્સ ફરીયાદી સાક્ષી લીસ્ટ રજુ કર્યેથી ફરીયાદની નકલ સાથે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ– ૨૨૭ હેઠળ ઈસ્યુ કરવા આદેશ કરવામા આવે છે. અને આ હુકમને અસર આપવા ઈન્કવાયરી આથી ફેસલ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ ૨૦મી જુન ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી અને સહી કરીને જાહેર કર્યો.

ગીર સોમનાથ એટ વેરાવળ
તારીખ ૨૦/૦૬/૨૦૨૬

પ્રીતેશ યુ. અંધારીયા
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ એટ વેરાવળ
યુઆઈડી–જીજે૦૧૧૧૯